કાન્તિ ભટ્ટ

# યુદ્ધ કરનારાઓને નોબેલ શાંતિ પારિતોષિક મળ્યાં છે

**A bad peace is even worse than war. -Cornelius Tacitus**

**Peace with justice and honour is fairest but with disgrace the peace is most infamous and harmful of all. -Polybius**

**માનવી વિચારોને પ્રેમ કરે છે અને આકૃતિની ધૃણા કરે છે. એટલે કે માનવી હકીકતોનો સામનો કરતો નથી. આતંકવાદીઓના હુમલા પછી જવાબ આપવાને બદલે યુદ્ધ ન કરવું તેવું કહેનારા ડહાપણના દરિયા પત્રકારોની એરકન્ડિશન્ડ કુટિરોમાંથી ફૂટી નીકળે છે. ટેસિટસ કોર્નેલિયસ નામના રાજપુરુષે કહેલું કે યુદ્ધ ખરાબ છે જ, પણ અન્યાયો અને ક્રૂરતાને સતત સહન કરનારી શાંતિ તેનાથી પણ ખરાબ છે. યુરીપીડીઝના મહાન કાવ્યમાં તેમણે કહેલું કે 'આપણે ઘણી વખત વધુ પડતા બુદ્ધિમંત હોઇએ છીએ ત્યારે એવા ડહાપણની મોંઘી કિંમત ચૂકવીએ છીએ.' આજે ભારતની કમનસીબી એ છે કે શાંતિ, સાવધાની, સાવચેતી અને ડિપ્લોમેટિક માર્ગો વાપરવાની સલાહ આપનારા ડહ્યા લોકોએ કાશ્મીરમાં અનાથ અને વિધવાઓની સંખ્યા જોઇ નથી.**

**જગતમાં પેસિફેસ્ટિનો તોટો નથી. યુદ્ધ કરાનારાઓને નોબેલ શાંતિ પારિતોષિક મળ્યાં છે. પેલેસ્ટાઇનના મહાન ટેરરિસ્ટ અને વિયેતનામના લાખો વિયેતનામી અને હજારો અમેરિકન સોલ્જરોનું મોત નોતરનાર યુદ્ધખોર હેન્રી કિસિંજરને શાંતિ પારિતોષિક મળ્યું હતુ. આલ્ફ્રેડ નોબેલની સેક્રેટરી બર્થા વૉન સુટનર ૧૮૭૦ના દાયકામાં ઉદ્યોગપતિ અને સ્ફોટક પદાર્થના શોધક આલ્ફ્રેડની તહેનાતમાં રહીને અતિ સુખની જિંદગી જીવતી હતી. એક ઓસ્ટ્રિયનના પ્રેમમાં પડીને આલ્ફ્રેડ નોબેલની આરામદાયી નોકરી છોડીને પ્રેમી સાથે ભાગી ગઇ. નોબેલે તેને પછી બોલાવવી પડી. અને વચન આપ્યું કે તારા હ્રદયની ભાષા વધુ મહત્વની હતી. આ મહિલાએ નોબેલને શાંતિ પારિતોષિકનો વિચાર આપેલો અને કહેલું કે જે બહાદુરી કરીને પછી શાંતિ લાવે છે તે બહાદુર જ શાંતિના ઇનામને લાયક છે.**

**આતંકવાદીના હુમલા પછી અમેરિકામાં 'ડેટ્રોઈટ ન્યૂઝ', 'ટોરેન્ટો ગ્લોબ એન્ડ મેઇલ', 'લોસ એન્જલ્સ ટાઇમ્સ' અને બીજાં યુરોપનાં બે ડઝન અખબારોના કટારલેખકોએ પ્રમુખ બુશને સયમ જાળવવાની શીખ આપેલી. હું અહીં ત્રણ ડઝન જેટલા શાંતિની શિખામણો આપનારાંના ક્વોટેશન લખીને તમારું માથું પકવવા માંગતો નથી. ડાર્ટમાઉથ કૉલેજના એક પ્રોફેસરે વળી લખેલું કે 'પ્રોવર્ટી બ્રીડ્ઝ રઝેન્ટમેન્ટ એન્ડ રિઝેન્ટમેન્ટ બ્રીડઝ ટેરરિઝમ.' અર્થાત્ ગરીબી માનવીમાં નફરત પેદા કરે છે અને નફરતથી આત્મઘાતી આતંકવાદી જન્મે છે. ઓસામા બિન લાદેન ગરીબ હતો ? ૧૯ આતંકવાદી અમેરિકામાં ભણીને આતંકવાદી થયા તે ગરીબ કે અજ્ઞાની હતા ? સો ટકા ડિગ્રીવાળા હતા. સુખી માબાપનાં સંતાનો હતાં.**

**માર્ક સ્ટેઇન નામના કટારલેખક 'ધ સ્પેક્ટેટર' નામના બ્રિટિશ સાપ્તાહિકમાં લખે છે કે ગરીબીથી આતંકવાદ જન્મતો નથી. મોટા ભાગના ટેરરિસ્ટો સાઉદી અરેબિયાના ધનિકોનાં પોયરાં હતાં. 'ઇનજસ્ટિસ બ્રીડ્ઝ એંગર,' અન્યાય માણસમાં રોષ પેદા કરે છે. આજે આપણ દેશ પર પાકિસ્તાની આતંકવાદીઓ જે અન્યાય કરે છે તેને આપણી સરકાર સહન કરે છે. તેથી આખા દેશની પ્રજામાં રોષ છે. આપણા સૈનિકો લડવા તૈયાર છે.**